# Shri Govind Guru University
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૪/૧૪૫૭ તા.૨૨/૦૨/૨૦૨૪

**પરિપત્ર-૩૩૦૪**

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનાં વિવિધ ભવનોના પ્રોફેસરશ્રી/કો-ઓર્ડીનેટરશ્રીઓ, વિજ્ઞાન, વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે, નીચે મુજબના અભ્યાસક્રમોમાં ન્યુ અને ઓલ્ડ કોર્સમાં એનરોલ/રજીસ્ટર થયેલ વિદ્યાર્થીઓના રેગ્યુલર અને પાર્ટ પરીક્ષાના આવેદન પત્રો (એક્ઝામ ફોર્મ) નીચે દર્શાવેલ સૂચનાઓ અને તારીખ મુજબ ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફક્ત રૂબરૂમાં જમા કરાવવા જણાવવામાં આવે છે.

| Sr | Course | Semester | Fee | | | | Last Date With Regular Fees |
|---|---|---|---|---|---|---|---|
| | | | Exam Fee | Practical Fee | Form Fee | Total Fee | |
| 1. | B. A | 2 (Old & New) | 240 | 55* | 25 | 320 | 19/03/2024 |
| 2. | B.Com. | 2 (Old & New) | 240 | 55* | 25 | 320 | 19/03/2024 |
| 3. | B.SC. | 2 (Old & New) | 240 | 165** | 25 | 430 | 19/03/2024 |
| 4. | M.A | 2 (Old & New) | 570 | 220*** | 25 | 815 | 19/03/2024 |
| 5. | M.Com | 2 (Old & New) | 570 | 0 | 25 | 595 | 19/03/2024 |
| 6. | M.Sc. | 2 (Old & New) | 570 | 220 | 25 | 815 | 19/03/2024 |

**પરીક્ષા આવેદનપત્ર ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા સંબંધિત સૂચનાઓ :**

- શૈક્ષણિક વર્ષ : ૨૦૨૩-૨૪ પહેલા એનરોલ/રજીસ્ટર થયેલ વિદ્યાર્થીઓના પરીક્ષાના આવેદન પત્રો (એક્ઝામ ફોર્મ) જુના ERP (sggu.gipl.in) માં તથા શૈક્ષણિક વર્ષ : ૨૦૨૩-૨૪ માં એનરોલ/રજીસ્ટર થયેલ વિદ્યાર્થીઓના પરીક્ષાના આવેદન પત્રો (એક્ઝામ ફોર્મ) નવા ERP (sgguerp.in)માં ભરવાના રહેશે.
- શૈક્ષણિક વર્ષ : ૨૦૨૩-૨૪ માં એનરોલ/રજીસ્ટર થયેલ વિદ્યાર્થીઓના સેમેસ્ટર-૨ (ન્યુ કોર્સ)ના પરીક્ષાના આવેદન પત્રો (એક્ઝામ ફોર્મ) નવા ERP (sgguerp.in)માં ભરતા પહેલા કોલેજ દ્વારા દરેક વિદ્યાર્થીની ટર્મ ગ્રાન્ટ કરવાની રહેશે.
- સંબંધિત કોલેજોએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ પરીક્ષા આવેદનપત્ર ઓનલાઈન ભરી, વેરીફાઈ કરી તેની પ્રિન્ટઆઉટ લેવાની રહેશે.
- પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટની વિગતોની સંબંધિત વિદ્યાર્થી પાસે ખરાઈ કરાવી તેમાં તેની સહી કરાવવાની રહેશે.

- વિદ્યાર્થીએ સહી કરેલ પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટ પર સંબંધિત કૉલેજના આચાર્યશ્રીએ ખરાઈ કરી પોતાની સહી અને સિક્કા કરવાના રહેશે.
- પરીક્ષા આવેદન પત્રની જરૂરી ફી પોર્ટલમાં વેરીફાઈડ કરેલ ફોર્મના આધારે સોફ્ટવેર દ્વારા દર્શાવેલ રકમ પોર્ટલમાં દર્શાવેલ ડીજીટલ ગેટવે અથવા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી એક્ઝામિનેશન, ગોધરાના એક્સીસ બેંકના ખાતા નં.918010086166147 (IFSC CODE: UTIB0000264 MICR: 389211002) માં NEFT/RTGS થી ભરવાની રહેશે.
- આચાર્યશ્રી અને વિદ્યાર્થી દ્વારા ખરાઈ થયેલ પરીક્ષા આવેદનપત્રનું ચેકલીસ્ટ, નિયત પરીક્ષા ફી ની **ઓનલાઈન જનરેટ થયેલ રીસીપ્ટની નકલ/ફી ભર્યાની રીસીપ્ટ તેમજ રીપોર્ટ મોડ્યુલમાંથી જનરેટ થયેલ ચેકલીસ્ટ રીપોર્ટ *(ઓલ્ડ અને ન્યુ ERP નો અલગ-અલગ)* યુનિવર્સિટી કાર્યાલયમાં ૨ (બે) કોપીમાં તા.૨૬/૦૩/૨૦૨૪ સુધીમાં ફક્ત રૂબરૂમાં જમા કરાવવાનો રહેશે. (રજી./સ્પીડ પોસ્ટ/કુરિયર કરવું નહી) (પરીક્ષા આવેદનપત્રની હાર્ડકોપી યુનિવર્સિટીમાં જમા કરાવવાની નથી).**

| રૂ. ૧૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની તારીખ | રૂ. ૨૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર ભરવાની છેલ્લી તારીખ | રૂ. ૫૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની તારીખ | રૂ. ૧૦૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની તારીખ |
|---|---|---|---|
| રેગ્યુલર ફી + રૂ. ૧૦૦/- તા.૨૦/૦૩/૨૦૨૪ | રેગ્યુલર ફી + રૂ. ૨૦૦/- તા.૨૧/૦૩/૨૦૨૪ | રેગ્યુલર ફી + રૂ. ૫૦૦/- તા.૨૨/૦૩/૨૦૨૪ | રેગ્યુલર ફી + રૂ. ૧૦૦૦/- તા.૨૩/૦૩/૨૦૨૪ |

- યુનિવર્સિટી ખાતે પરીક્ષા આવેદન પત્રનું ચેકલીસ્ટ મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા-વધારા કરવાં માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહિ. અધુરી કે ખોટી વિગતોવાળા આવેલ આવેદનપત્રો મોકલવામાં આવશે અને તેના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં, ફોટામાં કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.
- કોલેજોએ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફોર્મ જમા કરાવવા મોકલવા નહિ, જેની ખાસ નોંધ લેવી.
- સંબંધિત કોલેજોએ પરીક્ષા આવેદનપત્રમાં ***વિદ્યાર્થીની જવાબની ભાષા ખાસ તકેદારી રાખી સિલેક્ટ કરવાની રહેશે. પ્રશ્નપત્રોની ગુજરાતી અને અંગ્રેજી ભાષાની નકલો ફક્ત એ મુજબ જ મોકલવામાં આવશે.*** (જે અભ્યાસક્રમો/વિષયોમાં માત્ર એક ભાષામાં જ પ્રશ્નપત્રો આવતા હોય તેમને આ બાબત લાગુ પડશે નહી.)

નોંધ:

- *** એમ.એ. અભ્યાસક્રમમાં પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવતી હોય તે વિષયો માટે વિદ્યાર્થી દીઠ કુલ પરીક્ષા આવેદન ફી રૂ. ૮૧૫/- તથા પ્રાયોગિક કાર્ય સિવાયના વિષયો માટે વિદ્યાર્થી દીઠ કુલ પરીક્ષા આવેદન ફી રૂ. ૫૯૫/- લેવાની રહેશે.

- * બી.એ. અને બી.કોમ. અભ્યાસક્રમમાં પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવતી હોય તે વિષયો માટે વિદ્યાર્થી દીઠ કુલ પરીક્ષા આવેદન ફી રૂ. ૩૨૦/- તથા પ્રાયોગિક કાર્ય સિવાયના વિષયો માટે વિદ્યાર્થી દીઠ કુલ પરીક્ષા આવેદન ફી રૂ. ૨૬૫/- લેવાની રહેશે.
- ** બી.એસસી. અભ્યાસક્રમમાં પ્રાયોગિક પરીક્ષા ફી કોલેજે વિદ્યાર્થી પાસેથી લઈ પોતાની પાસે રાખવાની રહેશે. આ ફી યુનિવર્સિટી ખાતે જમા કરાવવાની નથી.
- પોર્ટલમાં દર્શાવેલ પરીક્ષા આવેદન ફીની કુલ રકમ વિદ્યાર્થી દીઠ રૂ. ૪.૫૦/- કપાત કરીને ગણતરીમાં લીધેલ હોય પોર્ટલમાં દર્શાવ્યા મુજબની પૂરી ફી ભરવી.
- ન્યુ ERP માં ફોર્મ ભરવા અંગેની માર્ગદર્શિકા આ સાથે સામેલ છે. તથા તે અંગેનો વિડીયો તમામ કોલેજોને યુનિવર્સિટીએ ફાળવેલ ઈ.મેઈલ એડ્રેસ પર મોકલી આપેલ છે.

પરીક્ષા નિયામક (વતિ)
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,
વિંઝોલ (ગોધરા).

બિડાણ : માર્ગદર્શિકા

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનાં વિવિધ ભવનોના પ્રોફેસરશ્રી/કો-ઓર્ડીનેટરશ્રીઓ, વિજ્ઞાન, વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.